બાળકો અને નવયુવાનો માટે

Bustan-e-Zehra Association
786-92-110

# હાદી માસિક

શાઅબાનુલ મોઅઝ્ઝમ, હીજરી સન ૧૪૩૦, ઓગસ્ટ - ૨૦૦૯












રૂા. 30/-

الرحيم

# અલ્લાહના નેક નામો

# "અર્રહીમ"

અલ્લાહના વિશેષણોમાંથી આ એક વિશેષણ છે. રહીમ એ છે કે જે પોતાના બંદાઓ ઉપર દયા કરે છે, એટલે કે કયામતના દિવસે ફક્ત મોઅમેનીન ઉપર દયા કરવામાં આવશે. તે દિવસે અલ્લાહના વિશેષણ રહીમ(દયાળુ)થી કાફિરો અને મુશ્રિકોને કોઈ લાભ નહીં થાય. આ વિશેષણ કુરઆને મજીદ અને માઅસૂમીન અ.સ.ની હદીસોમાં પણ આવ્યું છે :

**"અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન - અર્રહમા નિર્રહીમ"**

અને માઅસૂમની હદીસમાં આવી રીતે આવ્યું છે :

**"અજેબો યા રહીમો દાઅવતી"**

ભાષાંતર : 'હે દયાળુ, મારી દુઆ કબૂલ ફરમાવ.' (દુઆએ ઈફતેતાહ)

## *આ વિશેષણની ઘણી ખાસિયતો છે.*

(૧) દરરોજ ૧૦૦ વખત "યા રહીમો" પઢવાવાળા ઉપર અલ્લાહ તમામ સૃષ્ટિને મહેરબાન કરી દેશે.

(૨) જે વ્યક્તિ "યા રહીમો" પઢવાની ટેવ પાડી લે તો તે ખુદાથી જે માંગશે તે તેને ખુદા તરફથી મળી જશે અને તેની દરેક મુશ્કેલી દૂર થઈ જશે.

(૩) જો કોઈ વ્યક્તિ દરેક નમાઝ પછી ૧૦૦ વખત "યા રહીમો" પઢશે તે તેને અલ્લાહની મહેરબાનીઓ પ્રાપ્ત થશે.

(૪) જો કોઈ વ્યક્તિ સુબ્હની નમાઝ પછી ૯૦ વખત "યા રહીમો" પઢશે તો સૃષ્ટિની તમામ વસ્તુઓ તેના ઉપર મહેરબાન થઈ જશે.

(૫) દુન્યવી જરૂરીયાતોને પૂર્ણ કરવા માટે અને આખેરતના બુલન્દ દરજ્જાઓ માટે "યા રહીમો" પઢતા રહેવું લાભદાયક છે.

(૬) દુઆઓના કબૂલ થવા માટે અને ખુદાવન્દે આલમની મહેરબાની અને દયાની પ્રાપ્તિ માટે દરરોજ રાત્રે ૩૯૦ વખત "મન હોવર્રહીમો" પઢવું ઘણું લાભદાયક છે.

(૭) કોઈ વ્યક્તિને કોઈ તકલીફ - મુશ્કેલી હોય તો તે "યા રહીમો" પઢવાની ટેવ પાડી લે તો ઘણી જ વહેલી તકે તેની તકલીફ-મુશ્કેલી દૂર થઈ જશે.



E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم


**શાઅબાનુલ મોઅઝ્ઝમ,**

**હીજરી સન ૧૪૩૦, ઓગસ્ટ - ૨૦૦૯**

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :**

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી : **સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી : **સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો : **અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

અનુવાદક : **સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન : **એ.પી. ગ્રાફીક્સ**


## બઈસ્મેહી તઆલા

વહાલા બાળકો !

અસ્સલામો અલયકુમ !

શાઅબાન માસ રસૂલે ગિરામીયે ઇસ્લામના વ્યક્તિત્વ તરફ તેમની મહાનતા અને તેમની કૃપા સાથે સંકળાયેલ મહીનો છે. જેવી રીતે રજબુલ મુરજ્જબના માસને મૌલાએ કાએનાતનો માસ કહેવામાં આવે છે તેવી રીતે.

આ માસ ઘણોજ બરકતો અને મહાનતાઓવાળો છે. આ માસમાં રિસાલતના તાજદારના ત્રીજા ચંદ્રમાએ પોતાના પ્રકાશમય અસ્તિત્વથી ધરતીને પ્રકાશિત કરી દીધી હતી અને તાજદારે વફા હઝરત અબુલફઝલિલ અબ્બાસની પુણ્યશાળી વિલાદતે આ મહીનાની મહાનતા અનેક ગણી વધારી મૂકી છે.

અને તે પછી સાચા ઇસ્લામ ધર્મનો પરિચય કરાવનાર જુલ્મ અને અત્યાચારોનો નાશ કરનાર જેમના થકી આ પૃથ્વી અને આકાશ કાયમ છે. તેમની અત્યંત પુણ્યશાળી વિલાદતે તો આ પ્રકાશમય મહીનાની મહાનતાને અદ્વિતીય બાનાવી દીધી છે. અને આકાશ પર પ્રકાશિત થતાં ચંદ્રમાનો પ્રકાશ તો આ પુણ્યશાળી વ્યક્તિના પ્રકાશની આગળ અત્યંત ઝાંખો પડી જાય છે અને પૃથ્વી હંમેશા પ્રકાશથી ભરપૂર રહેશે તેની ખાત્રી કરાવી દીધી.

અમે આ તમામ ખુશાલીઓની મુબારકબાદ અને અભિનંદન આપ સર્વે લોકોની સેવામાં પ્રસ્તુત કરતા ગર્વ અનુભવીએ છીએ.

આ માસમાં આપણે ખુશાલી પણ મનાવવાની છે અને તેની મહાનતા અને પવિત્રતાનો ખ્યાલ પણ રાખવાનો છે. આ માસમાંજ આપણે આપણી જાતને રમઝાનના આગામી મુબારક માસ માટે તૈયાર કરવાની છે.

આ માસના છેલ્લા શુક્રવારે રસૂલે અકરમે જે ખુત્બો (ધાર્મિક ભાષણ) આપેલ તેમાં પોતાની જાતને રમઝાનુલ મુબારક માસ માટે તૈયાર કરવાની ખાસ તાકીદપૂર્વકની સૂચના આપી છે.

જુઓ, ધ્યાન રાખજો કે ખુશાલી મનાવવામાં ગરકાવ થઈ જતી વખતે પણ અલ્લાહના આજ્ઞાપાલન પ્રત્યે બેદરકાર ન થઈ જતાં.

ખરી ખુશાલી તો એ છે કે આપણાં સાચા માલિક અલ્લાહ (ત.વ.ત.)અને આપણા અઇમ્મએ અત્હાર અલ્યહિમુસ્સલામની ખુશી. તેઓ આપણાં ઉપર પ્રસન્ન કેવી રીતે થશે તે વિચારીને તેવા કાર્યો કરીએ જેથી કરીને આપણી દુઆઓ મકબૂલ થાય અને આપણાં ઈમામે ઝમાના (અજ.) પણ પ્રસન્ન થઈને આપણા માટે દુઆઓ કરે.

વસ્સલામ


**વિગતો માટે સંપર્ક :** યુરોપ, અમેરીકા અને કેનેડા માટે : **અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

*Bustan -E- Zehra Association*

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF Tel. : 0044 - 2082866198

Mo.: 00447828958746 E-mail : movasaya@hotmail.com



**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-**



ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨

E-mail : hadimasik@yahoo.com



## કુરઆનનો ખૂણો

# સૂરએ નાસ

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

કુલ અઊઝો બેરબ્બિન્નાસે ૦ મલેકિન્નાસે ૦ ઈલાહિન્નાસે ૦ મિન શર્રિલ વસ્વા સિલ ખન્ના સિલ ૦ લઝી યો વસ્વેસો ફી સુદૂરિન્નાસે ૦ મિનલ જિન્નતે વન્નાસ

**અનુવાદ :** હે રસૂલ ! કહી દો કે મનુષ્યોના પરવરદિગારનું (હું) રક્ષણ યાચું છું. જે સર્વ લોકોનો માલિક અને સમ્રાટ છે. જે સરવે મનુષ્યોની ઈબાદતને પાત્ર (માઅબૂદ) છે. શયતાનની (હૃદયમાં નાખેલી) શંકા કુશંકાઓના ઉપદ્રવથી - જે ખુદાનું નામ સાંભળીને પાછળ હટી જાય છે અને જે મનમાં શંકા કુશંકા પેદા કરે છે તે જિનોમાંથી હોય કે મનુષ્યોમાંથી.



E-mail : hadimasik@yahoo.com

- આ સૂરો કુરઆને મજીદમાં છેલ્લા સૂરા તરીકે લખવામાં આવેલ છે.
- આ સૂરામાં ખુદાની બારગાહમાં બધાં મનુષ્યો અને શયતાનો દ્વારા નુકશાન પહોંચાડવા - બહેકાવવા અને શંકાકુશંકાઓ ઉત્પન્ન કરવા જેવી બાબતોમાં ખુદાનું રક્ષણ માંગવાની આજ્ઞા આપવામાં આવી છે.
- દરેક નુકશાન-ભય-શયતાની શંકાકુશંકાઓથી રક્ષણ આપનાર સૌથી વધારે શક્તિશાળી જાત ફક્ત ખુદાવન્દે આલમની જાત છે. જે તમામ લોકોનો માલિક છે. જે સૌનો માઅબૂદ અને રક્ષણ આપનાર પણ છે. તેની પાસે જ રક્ષણ યાચવાની આજ્ઞા આપવામાં આવી છે.
- આ સૂરામાં શયતાન અને ખન્નાસ તરફથી મનમાં નાંખવામાં આવતી શંકાકુશંકાઓની સામે ખુદાની સૌના પાલનહાર હોવાની - તેના માલિકીપણાં અને તે ઈલાહી હોવાની બાબતને યાદ કરવામાં આવી છે. જેથી દાસ (બંદો-આપણે બધાં અલ્લાહના દાસ છીએ તે) જાણી લે કે ખુદા જ તમામનો એક માત્ર પાલનહાર છે. તેથી કરીને તેની આજ્ઞાઓ અને કાયદાકાનૂનોનું પાલન કરવું જોઈએ. તે જ આપણો માલિક અને હાકેમ છે. તેની જ આજ્ઞા અને કાયદા કાનૂનો પર હંમેશા અમલ કરતાં રહેવું જોઈએ અને તે જ સૌની ઈબાદતને પાત્ર અને ખુદા છે. તેથી તેના સિવાય બીજા કોઈની ઈબાદત કરવી જોઈએ નહીં.
- શયતાન હંમેશા - દરેક પળે અને સતત બહેકાવીને-ફોસલાવીને ખોટા માર્ગ તરફ દોરીને ખોટા વિચારોમાં નાંખી દે છે. તેથી આ સૂરાને હરહંમેશ પઢતા રહેવું જોઈએ.



E-mail : hadimasik@yahoo.com

# શયતાનનો ઈન્ટરવ્યુ

**(હપ્તો-ત્રીજો)**

સરગરમી વ રફએ ખશ્તગી નામના પુસ્તકના પાના નં ૮૧ થી ૮૫ સુધી અનેક સંદર્ભે આપ (સ.અ.વ.)ને લખવામાં આવ્યુ છે કે એક વખત શયતાન આપ (સ.અ.વ.) સાહેબ પાસે આવ્યો. ત્યાં સહાબીઓ પણ એકત્ર થયેલા હતાં. શયતાને આવીને સલામ કરી - પરંતુ કોઈએ તેની સલામનો જવાબ આપ્યો નહીં. તેણે આપ (સ.અ.વ.)ને કહ્યું : "હે રસુલે ખુદા! જે ખુદાએ તમને નબુવત માટે પસંદ કર્યા છે તેજ ખુદાના સોગંદ ખાઈને કહું છું કે હું પોતે આપ (સ.અ.વ.) પાસે નથી આવ્યો પરંતુ મારી પાસે એ ફરીશ્તાઓ આવ્યા હતાં અને તેમણે મને કહ્યું હતું કે ખુદાએ તને આજ્ઞા કરી છે કે તું રસુલે અકરમ(સ.અ.વ.) ની સેવામા જા અને આપ (સ.અ.વ.) તારી પાસેથી જે પણ જાણવા માંગે તે સાચે સાચુ બતાવી દેજે. તેં એક શબ્દ પણ ખોટો કહ્યો હશે તો હું તને બાળી નાખીને ભષ્મ કરી દઈશ. મારા મનમાં જાતના ખુદાની આ ધમકીથી બીક પેસી ગઈ છે અને આપ (સ.અ.વ.)ની સેવામાં આવ્યો છું, આપ જે ઈચ્છો તે મારી પાસેથી જાણી લો."

**(૧) આપ (સ.અ.વ.)એ પુછ્યું :** હે શયતાન, તેં આદમ (અ.સ.)ને કેમ સજ્દો નહોતો કર્યો? જો તું સજ્દો કરી લેત તો તું જન્નતમાં રહેતો હોત.

**શયતાને જવાબ આપ્યો :** કારણ કે મેં ઘમંડ કર્યુ અને કહ્યું કે હે ખુદા ! તેં મને અગ્નિમાંથી જન્મ આપ્યો છે અને આદમ(અ.સ.)ને માટીમાંથી જન્મ આપ્યો છે.

**(૨) આપ (સ.અ.વ.)એ પુછ્યું :** "તું જાતમાં કોને તારો સૌથી મોટો શત્રુ ગણે છે ?"



**તેણે કહ્યું :** હે અલ્લાહના રસુલ, આપને ! કારણ કે કયામતના દિવસે આપ (સ.અ.વ.) આપની ઉમ્મતના તમામ ગુનેગારો (પાપીઓ)ને બખ્શાવી દેશો અને તે રીતે મેં તે લોકોને ગુનેગાર (પાપી) બનાવવા માટે જે મહેનત કરી હતી, મારી તે તમામ મહેનત બરબાદ થઈ જશે, મારુ તો કામ એજ છે કે લોકોને પાપી બનાવું.



E-mail : hadimasik@yahoo.com

(૩) આપ (સ.અ.વ.)એ પુછ્યું : મારા પછી તું બીજા કોને પોતાનો દુશ્મન ગણે છે ?

તેણે કહ્યું : એ યુવાનને જે ખુદાની આજ્ઞાઓનું પાલન કરે છે અને યુવાનીમાંજ પોતાના ગુનાહોની તૌબા કરે છે અને માફી માંગે છે અને ખુદાથી ડરે છે અને ખુદાની ઉત્પન્ન કરેલ સૃષ્ટિ (માનવીઓ, પશુ, પક્ષીઓ વિગેરે તમામ)ની મદદ અને સહાયતા કરે છે, તે પછી હું એવા ધાર્મિક વિદ્વાન (આલિમે દીન)ને જે પોતાના જ્ઞાન (ઈલ્મ) પ્રમાણેના કાર્યો (અમલ) પણ કરે છે અને સબ્ર કરનારને !

(૪) આપ (સ.અ.વ.)એ પુછ્યું : સબ્ર કરનાર કઈ બાબતો ઉપર સબ્ર કરે છે ?

તેણે કહ્યું : તે હલાલની રોઝી મેળવે છે અને હલાલના કાર્યોમાં ખર્ચ કરે છે ને પાસે કોઈ હોય કે ન હોય તેનાથી તેના ઉપર કોઈ ફર્ક પડતો નથી (એટલેકે તેથી હું તેને લાલચમાં નાંખી તેની પાસે ગુન્હાના કાર્યો કરાવી શકતો નથી)

(૫) આપ (સ.અ.વ.)એ પુછ્યું : તે પછી તું કોને શત્રુ ગણે છે ?

તેણે કહ્યું : એ રોજા રાખનારને જે પોતાની પાસેથી (અલ્લાહના ખર્ચે ખૈરાત તરીકે) કોઈ વસ્તુ આપે છે. તેવી વ્યક્તિ જાણે મારા ટુકડા કરી નાંખે છે અને મને જાણે આગમાં નાખી દે છે.

(૬) આપ (સ.અ.વ.)એ પુછ્યું : મારી ઉમ્મત (અનુયાયીઓ)ના સદકાની તારી દષ્ટિએ શું ખાસિયતો છે ?

તેણે કહ્યું : સદકાની છ ખાસિયતો છે (૧) તેનાથી રોજીમાં વૃધ્ધિ (બરકત) થાય છે. (૨) આયુષ્ય વધે છે. (૩) સદકો શક્તિ આપે છે અને દરિદ્રતાને દૂર કરે છે. (૪) સદકો - સદકો આપનારને બીમારી (દર્દ)થી રક્ષણ આપે છે. (૫) કયામતના દિવસે સદકો આપના પુણ્યના કાર્યો (આમાલ)ના પલ્લાને ભારે કરી દે છે અને પુલે-સિરાત ઉપરથી વિજળીના ઝબકારાની જેમ પસાર કરી દે છે.

*શબ્દ વિસ્તાર : જહન્નમ ઉપરથી પસાર થઈને જન્નત તરફ જતો એક પુલ કે જેના વિષે રિવાયતોમાં આપ્યું છે કે તે વાળ કરતા પણ બારીક અને તલવારની ધાર કરતા પણ તેજ છે. કયામતના રોજ હિસાબ પછી સતકર્મીઓ તો એના ઉપરથી પસાર થઈને હેમખેમ જન્નતમાં પહોંચી જશે પણ દુષ્ટકર્મીઓ (પાપીઓ)એના ઉપર ચાલતા જહન્નમમાં પડી જઈને ત્યાં પહોંચી જશે.*



# વિદ્યાનું મહત્વ



★ જે બાળપણમાં વિદ્યા પ્રાપ્તિ નથી કરતો તે મોટો થઈને પ્રગતિ કરી શકતો નથી.
(ઈમામ અલી અ.સ. ગુરરૂલહિકમ-પા.૬૯૭)

★ બાળપણમાં જ વિદ્યા પ્રાપ્તિ કરો જેથી મોટા થઈને લાયક બની શકો.
(ઈમામ અલી અ.સ. શરહે ઈબ્ને અબિલ હદીદ પા.૨૬૭)

★ એ બાબતો તરૂણ અવસ્થામાં જાણી લેવી જરૂરી છે જે બાબતોની જાણકારી મોટા થઈને આવશ્યક હોય.
(ઈમામ અલી.અ.સ. શરહે હદીદી-૨૦, વાક્ય-૮૧૭)

★ એવું ના બને કે કુરઆનના શિક્ષણની બાબતે અન્યો તમારાથી આગળ વધી જાય.
(ઈમામ અલી.અ.સ. તોહફુલ ઉફૂલ-૧૯૪)

★ બાળકોનો પોતાના માતાપિતા ઉપર એ અધિકાર છે કે (માતા-પિતા) તેમનું સારું નામ રાખે અને કુરઆનનું શિક્ષણ આપે.
(નબીયે અકરમ સ.અ.વ. કન્ઝુલ અમાલ-૧૬/૪૧૭)

★ જે માતા-પિતાએ પોતાના સંતાનોને કુરઆનનું શિક્ષણ આપ્યું હશે, કયામતના દિવસે તેઓ (તે કારણે) પ્રસન્ન હશે અને તેમને બે જન્નતી વસ્ત્રો પહેરાવવામાં આવશે અને તેમના પ્રકાશથી જન્નતના લોકોના મુખારવિંદ પ્રકાશિત થઈ જશે.
(ઈમામ સાદિક અ.સ.વસાએલુશ્શીઆ.૧૫/૧૯૪)

★ વિદ્યા બે પ્રકારની હોય છે. એક વિદ્યા એ છે જે ફક્ત જીભ સુધી જ રહે છે. આ વિદ્યા વ્યક્તિની વિરૂધ્ધની દલીલ છે. અને બીજી એ વિદ્યા છે જે વ્યક્તિના મન સુધી ઉતરી જાય છે. (હૃદયમાં હોય છે.) આ વિદ્યા લાભદાયક છે.
(નબીયે અકરમ સ.અ.વ. બિહાર-ભા.૨-પા.૨૬)

★ બે પ્રકારના લોભીઓ કદી સંતુષ્ટ થતાં નથી .એક એ લોભી જે દુન્યવી બાબતોની લાલચ રાખે છે અને બીજો એ લોભી જે વિદ્યા પ્રાપ્તિની લાલચ રાખે છે.
(નબીયે અકરમ સ.અ.વ.)







E-mail : hadimasik@yahoo.com

# બાળપણની ટેવો

★ આપણાં વહાલા નબી (સ.અ.વ.) બાળકો માટે ફરમાવે છે કે : "જ્યારે તમારું બાળક સાત વરસનું થઈ જાય તો તેને સખ્તાઈથી નમાઝ પઢવાની ટેવ પાડો." (મુસ્તદરક-ભાગ-૧ પાના નં ૧૭૧)

★ આપણાં ચોથા ઈમામ(અ.સ.) પોતાના સંતાનો અને પુત્રોને શિખામણ આપતાં ફરમાવતાં હતાં કે :
"જુઓ - જુઠું કદીયે બોલવું નહીં. પછી તે જુઠ નાનું હોય કે મોટું - એ જુઠ ગંભીરતાથી બોલવામાં આવે કે મજાકમાં એ એટલા માટે કે જ્યારે કોઈ નાનું સરખુંય જુઠ બોલે છે તો તેને (ધીરેધીરે) મોટા જુઠ બોલવાની પણ ટેવ પડી જાય છે."
(વસાએલુશ્શીઆ ભા-૩ પા.૨૩૨)

★ આપણાં છઠ્ઠા ઈમામ(અ.સ.) ફરમાવે છે : જેમ બને તેમ જલ્દી (એટલે કે નાની ઉંમરમાં જ) પોતાના બાળકોને આપણાં દીનની વાતોની પૂરેપૂરી જાણકારી આપી દેવી જોઈએ. કેમકે (જો તમે એવું નહીં કરો તો) તમારા દીનના વિરોધીઓ તમારા કરતાં પહેલાં જ ખોટી વાતો અને હકથી વિરોધી (આપણાં દીનની માન્યતાઓથી વિરૂધ્ધની) વાતો તમારા બાળકોને શીખવાડી દેશે. (ઉસૂલે કાફી - ભા૬-પા.૪૭)

આથી આપણે પોતાના બાળપણમાં જ સારી વાતો શીખી લઈને સારી ટેવો પાડી લેવી જોઈએ. જેથી કરીને આપણે ખરાબ ટેવોથી દૂર રહીએ.

# સજ્જનતા અને લુચ્ચાઈ

શાહમૃગ ઘણું જ સજ્જન પક્ષી છે. મોટા ભાગે શાંત જ રહે છે. ન તો કોઈને દગો દે છે, ન તો કોઈની સાથે લુચ્ચાઈ કરે છે.

પરંતુ શિયાળમાં દગો અને લુચ્ચાઈ ઘણા મોટા પ્રમાણમાં હોય છે. તે પોતાનાથી મોટા સાથે પણ દગો કરે છે અને પોતાનાથી નાના સાથે પણ દગો કરે છે.

હઝરત અલીના એક મહાન સાથી હતા જેમણે ખુદા અને રસૂલ (સ.અ.વ.)ના શત્રુ એવા મુઆવિયાના સૈન્યના સૈનિકોને શોધી શોધીને મારી નાંખ્યા હતાં.

દરેક યુગમાં જ્યાં સત્ય હોય છે ત્યાં અસત્ય પણ હોય છે જ. એવી જ રીતે જ્યાં સચ્ચાઈ હોય છે ત્યાં દગો પણ હોય છે જ.

જ્યાં મૌલા અલી (અ.સ.) નો દરેક સાથી એક બીજાથી વધારે પરહેઝગાર અને નેક હતો અને સઘળી બુરાઈઓથી દૂર રહેનાર હતો ત્યાં અબુસુફયાનના દીકરા મુઆવિયા પાસે એકથી વધીને એક એવા દગાબાજ - લુચ્ચા અને બેઈમાની કરનારા સાથીઓ એકત્ર થયાં હતાં. તેમાં પણ તેનો એક સાથી બુરાઈઓમાં, દગા ફટકા અને લુચ્ચાઈમાં શિયાળની જેમ લુચ્ચો હતો. તેની દરેક વાતમાં જુઠાપણૂ અને દગો ફટકો રહેતો. સિફ્ફીનના યુધ્ધમાં મુસલમાનોના કતલનું કારણ પણ આ ચાલાક શિયાળ જ હતો. તેણે જ મુઆવિયાને યુદ્ધ માટે પ્રેરિત કર્યો હતો. તેનું નામ 'ઉમરે આસ' હતું.



બીજી બાજુ મૌલા અલી (અ.સ.)ના એક સહાબીએ મૌલા અલી અને ઈસ્લામ માટે પોતાના જીવનનો ખેલ ખેલી નાખ્યો હતો. જાણો છો તે બહાદુર અને નેક સહાબી કોણ હતા ? તેમનું નામ "માલિકે ઉશ્તર" હતું.

ઈમામ અલી (અ.સ.) એ તેમના માટે કહ્યું છે કે "જનાબ રસૂલે અકરમ(સ.અ.વ.)ની દૃષ્ટિમાં મારી જે હેસિયત હતી તે જ હેસિયત મારી પાસે "માલિકે



E-mail : hadimasik@yahoo.com



ઉશ્તર"ની છે."

અને જ્યારે હઝરત અલી (અ.સ.) એ તેમને ઈજિપ્ત દેશના ગવર્નર બનાવીને મોકલ્યા ત્યારે મૌલા અલી (અ.સ.)એ ઈજિપ્તના લોકોને જે જાહેર સંદેશો મોકલ્યો હતો તેમાં તેમણે લખ્યું હતું કે "મેં અલ્લાહના નેક બંદાઓમાંથી એક એવા નેક બંદાને તમારી સમક્ષ મોકલ્યો છે જે શત્રુઓથી ડરતો નથી અને જુઠાઓ અને દીનથી ફરી ગએલાઓ માટે બાળીને રાખ કરી દેનાર અગ્નિ કરતાં વધારે પ્રજવલિત છે."

અને તેમની સરખામણીમાં આપ (અ.સ.)એ ફરમાવ્યું છે કે "તેં પોતાના દીનને નષ્ટ કરી દીધો છે અને એક એવા વ્યક્તિનો સાથી બની ગયો છે જેનું બેદીનપણું જગજાહેર છે. અને જે સારી વ્યક્તિઓને પણ દીન ઉપરથી ફેરવી નાખે છે. તું એનું એઠું ખાય છે અને તારી સરખામણી એ કુતરા સાથે થઈ શકે જે સિંહની પાછળ પાછળ રહે છે જેથી તે સિંહનું વધેલું-એઠું ખાઈ શકે. હું તમને બંનેને (મુઆવિયા અને ઉમરે આસ એ બંનેને) તમારી લુચ્ચાઈઓની સજા કરીશ."

મૌલા (અ.સ.)ની સમજાવટ પછી પણ તે ચાલાક શિયાળ સત્યના માર્ગે પાછો ફર્યો નહીં. અને દગો-ફટકો કરતો જ રહ્યો. અને છેવટે આ દગાખોર શિયાળે મૌલા અલી (અ.સ.)ના આ મહાન સહાબીને ઈજિપ્ત જતી વખતે માર્ગમાંજ ઝેર આપીને શહીદ કરી દીધાં. અને મૌલાથી તેમના એક નેક સહાબીને વિખુટો પાડી દીધો, જેમની શહાદતનું મૌલાને ખુબ દુઃખ થયું હતું.

વહાલા બાળકો ! તમે જાણો છો કે આ "માલિકે ઉશ્તર" ના એક ફરઝન્દ ઈબ્રાહીમ પણ હતાં. જેમણે જનાબ મુખ્તાર સાથે મળીને કરબલા અને ઈમામ હુસૈનના કાતિલોને જહન્નમ સુધી પહોંચાડવામાં ઘણી મોટી ભૂમિકા ભજવી હતી.





# વિલાદતોના દિવસો

**3 શાઅબાન :** આજના દિવસે સને ૪ હિજરીમાં સૈયદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની વિલાદત–બા–સઆદત થઈ હતી. આપનું મુબારક નામ તૌરેતમાં શબ્બીર અને બાઈબલ (ઈંજીલ) માં ‘તાબ’ એવી રીતે ઉલ્લેખાયેલ છે. આપના વહાલા નાના હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) એ આપનું નામ અલ્લાહની આજ્ઞા પ્રમાણે શબ્બીર (એટલે હુસૈન) રાખ્યું હતું.

અશ્શહીદ – સઈદ – સિબ્તેદુવ્વુમ– ઈમામે સાલિસ – રશીદ તબીબ – વફી – સૈયદ – ઝકી – મુબારક – વિગેરે આપનાં પ્રખ્યાત ઈલ્કાબ (વિશેષણવાચક નામો) છે. આપની વિલાદતના મુબારક પ્રસંગે ખુદાવન્દે આલમે મલાએકાને મોકલીને આપના નાના અને માતા–પિતાને મુબારકબાદી પાઠવી હતી. મલાએકા પોતે પણ સલામ અને મુબારકબાદી માટે આવ્યા હતાં. એ પૈકી ફિતરૂસ અને દરદાઈલ નામના ફરિશ્તાઓએ આપની બરકતથી પાંખો મેળવી હતી. આપે પોતાની ઉમરના છ વરસ પોતાના નાનાની–ત્રીસ વરસ પોતાના પિતાની–અને દસ વરસ પોતાના ભાઈની ઈમામતના સમયગાળામાં વિતાવ્યાં હતાં. પછી દસ વરસ આપ પોતે પણ ઈમામતના હોદ્દા ઉપર બિરાજમાન રહ્યાં હતાં. આપે પોતાની બાલ્યાવસ્થા–યુવાની અને ઘડપણ એટલે કે પોતાના જીવનના દરેક યુગમાં જવલંત કાર્યો કર્યાં હતાં અને પોતાના બાબાના યુગમાં સિફ્ફીન – જમલ – નહરવાનના યુધ્ધોમાં વીરતાનું પ્રદર્શન કર્યું હતું. પોતાના ભાઈના યુગમાં તે “સુલહેહસની” ઉપર કાયમ રહ્યાં હતાં. પરંતુ સીરિયાના શાસક મુઆવીયાનું મૃત્યુ થઈ ગયું અને તેણે પોતાના અત્યાચારી–ખુદા અને રસૂલ સ.અ.વ.ના શત્રુ–પુત્રને જોર જબરદસ્તીથી શાસક બનાવી દીધો અને તેણે જ્યારે ઈસ્લામ દીન નેસ્તનાબૂદ થઈ જાય તેવા કાર્યો કરવાના શરૂ કર્યા તો આપ તેની વિરૂધ્ધમાં આવીને ઉભા રહી ગયા અને કરબલામાં પોતાના સાથીઓ સાથે કુરબાનીઓ આપીને ઈસ્લામ દીનને હંમેશા – હંમેશા માટે સ્થાપિત કરી દીધો હતો.





E-mail : hadimasik@yahoo.com

**૪ શાઅબાન :** આજના દિવસે સને ૨૬ હિજરીમાં હઝરત અબ્બાસ (અ.સ.) અલમદારે કરબલા–સકકા એ સકીના–કમરે બની હાશિમની વિલાદતે બા સઆદત થઈ હતી. આપનું મૂળ નામ હઝરત અબ્બાસ અ.સ. છે. અને અબુલફઝલ –અબુલ કરિયા – કમરે બની હાશિમ– બાબુલ હવાઈજ – અબ્દેસાલેહ – અને સક્કાએ સકીના વિગેરે ઘણાં પ્રખ્યાત લકબ (વિશેષણવાચક નામો) છે. આપ સુંદર અને મધુરભાષી હતાં. અને આપ શરીરે ઉંચા હતાં. અને આપના બાહુઓ શક્તિશાળી હતાં. અને આપનું વ્યક્તિત્વ પ્રભાવશાળી



હતું. શુરવીરતા અને બહાદુરીમાં હઝરત અલી (અ.સ.)ના સંતાનોમાં હઝરાતે હસ્નૈન પછી આપ સૌથી વધુ શુરવીર હતા. આપ કરબલાની યુધ્ધભૂમિમાં મઝલૂમે કરબલા ઈમામ હુસૈન અ.સ.ના સૈન્યના અલમદાર અને સેનાપતિ હતાં. આપની માતાનું નામ"ફાતેમા કલાબિયા" હતુ અને તેમની કુનીયત (વિશેષ નામ) ઉમ્મુલ બનીન હતું. આપ એક શ્રેષ્ઠ ખાનદાનની સુપુત્રી હતાં. આપ અને હઝરત અબ્બાસ અ.સ. પણ આ બંને શાહઝાદાઓને હંમેશા પોતાના આકા અને મૌલા જ કહેતા હતા અને પોતાને તેમના દાસ ગણતા હતાં. આપ વિદ્વતા–ભક્તિ–ધૈર્ય–શુરવીરતા–પ્રભાવ–અને ચરિત્રના અત્યંત ઉચ્ચસ્થાને બિરાજમાન હતાં. અઈમ્મા (અ.સ.)ની ધર્મશાસ્ત્રની વિદ્વાન સંતાનો પૈકી આપ ધર્મશાસ્ત્રના એક ઉચ્ચ દરજ્જાના વિદ્વાન હતાં. આપના લગ્ન જનાબ લબાબા ખાતૂન સાથે થયા હતી. જે નબીએ અકરમ(સ.અ.વ.) ના કાકા જનાબ ઈબ્ને અબ્બાસની પૌત્રી હતાં. આપના સંતાનોના નામો ફઝલ–ઉબેદુલ્લાહ–કાસિમ વિગેરે જણાવવામાં આવ્યાં છે. આપને એક સુપુત્રી પણ હતાં.

**૫ શાઅબાન :** સને ૩૮ હિજરીમાં પાંચમી શાઅબાનના દિવસે સૈયદુસ્સાજેદીન–ઝૈનુલ આબેદીન–અલી ઈબ્ને હુસૈન અ.સ.ની વિલાદત થઈ હતી. આપ શનીવારે હઝરતે ઝહરા (સલા.)ના મકાનમાં જન્મ્યા હતાં. આપનું અસલી નામ અલી હતું. ઝૈનુલ આબેદીન–સજ્જાદ–સાલેહ–આબિદ–બીમારે કરબલા વિગેરે આપના પ્રખ્યાત લકબ (વિશેષણવાચક નામો) છે. ઈમામ સજ્જાદ (અ.સ.) એ પોતાની ઉમરના પ્રથમ બે વરસ પોતાના દાદા હઝરત અલી (અ.સ.) સાથે અને બાકીના વરસો પોતાના કાકા હઝરત ઈમામ હસન (અ.સ.) અને પોતાના પિતા



હઝરત ઈમામ હુસૈન (અ.સ.) સાથે વિતાવ્યા હતાં. આપ કરબલાના પ્રસંગે અને તે પછી બંદીવાસમાં પણ સામેલ હતાં. આપે ઘણાં કષ્ઠ વેઠ્યાં છે. કરબલા પછી આપે પોતાનું જીવન એક જુદા જ પ્રકારે વિતાવ્યું હતું. પરિસ્થિતિ તર્દન કષ્ટમય હતી. તેથી તેમણે ઈસ્લામ ધર્મના પ્રચાર–પ્રસાર અને રક્ષણ માટે દુઆઓના માધ્યમ વડે પોતાનો સંદેશો લોકો સુધી પહોંચાડ્યો છે.



પત્રો અને જાહેર સંદેશાઓ મારફતે પણ પોતાનો સંદેશો લોકો સુધી પહોચાડ્યો છે. સતત રૂદન અને મજલિસો વડે અહલેબૈત (અ.સ.)ની મુસીબતોથી તેઓ લોકોને માહિતગાર કરતાં રહેતાં હતાં. આપના માતા શેહઝાદી શહરબાનુ ખાતૂન હતાં. આપને લગભગ પંદર સંતાનો હતાં. આપના સુપુત્ર ઈમામ મુહમ્મદ બાકિર (અ.સ.) આપના પછી ઈમામ થયાં હતાં.

**૧૧ શાઅબાન :** સને ૩૩ હિજરીમાં આજના દિવસે કાએનાતના અંતિમ રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) થી જેમની દેહઆકૃતિ અને મુખાકૃતિ ખુબ જ મળતી આવતી હતી, તે હઝરત અલી અકબર (અ.સ.)ની વિલાદત થઈ હતી. આપના પિતા હઝરત ઈમામ હુસૈન (અ.સ.) હતાં અને વાલિદા લય્લા બિન અબુલહસન હતાં. અને ઈમામ સાદિક (અ.સ.)ના કથન મુજબ આપની કુનિયત અબુલહસન હતી.

**૧૫ શાઅબાન :** આજની રાત શબે બરાત કહેવાય છે. અને પંદર શાઅબાનની સવારે સને ૨૫૫ હિજરીમાં આપણાં આખરી ઈમામ હઝરત મહદી અજ.ની વિલાદતે બાસઆદત થઈ હતી. આપનો જન્મ સામર્રા શહેરમાં થયો હતો. આપે જન્મતાની સાથે જ અલ્લાહના એક હોવાનો, હઝરત–મુહમ્મદ (સ.અ.વ.)ની રિસાલતનો અને હઝરત અલી (અ.સ.)ની વિલાયતનો એકરાર કર્યો હતો. આપના જમણાં ખભા ઉપર "જાઅલ હક–વ–ઝહકલ બાતિલ – ઈન્ના બાતિલા કાના ઝહૂકા" વાળી આયત લખેલી હતી. જ્યારે આપના વાલિદે આપને પોતાના મુબારક હાથોમાં લીધાં ત્યારે આપે કલમએ શહાદત પઢીને સૂરએ કસસની પાંચમી સને છઠ્ઠી આયતોની તિલાવત ફરમાવી હતી. તે પછી તમામ અંબિયા અને મુરસલીનના સહીફાઓની તિલાવત ફરમાવી હતી. આપનાં જન્મ વખતે સારસંભાળ લેવાની જવાબદારી જનાબ હકીમા ખાતૂને સંભાળી હતી. તે પછી ખુદાના ફરિશ્તાઓ આપના રક્ષણ માટે મુકવામાં આવ્યાં હતાં. આપનું મૂળ નામ મુહમ્મદ છે. જ્યારે હુજ્જતુલ્લાહ–હુજ્જતે આલે મુહમ્મદ–સાહિબઝ્ઝમાન–મેહદી–હાદી કાયમ–મુન્તઝર વિગેરે આપના પ્રખ્યાત લકબો (વિશેષણવાચક નામો) છે. કુરઆન અને અંબિયાઓની અન્ય આસમાની કિતાબોમાં પણ આપનું વર્ણન છે. માઅસૂમીન (અ.સ.)ની રિવાયતોમાં પણ આપની વિલાદત– તે પછી ગયબત – ફરી જાહેર થવું અને આપના શાસન કાળની ઘણી વાતોનું વર્ણન ઘણાં મોટા પ્રમાણમાં મળે છે. આપની વિલાદત પછી આપને "ગયબતે સુગરા" થઈ જે સાત વરસ સુધી ચાલી. તે પછી જે આજે પણ ચાલે છે તે "ગયબતે કુબરા" થઈ. આપની વાલિદાનું નામ મલીકા– રેહાના સયકલ અને સવસન પણ લખવામાં આવ્યા છે, પરંતુ નરગિસ પ્રખ્યાત નામ છે.





E-mail : hadimasik@yahoo.com

# બાળકોની ડાયરી

વહાલા બાળકો,

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**






ઈરામ એ. રાજાણી, મહુવા.

# જનાબ અબ્બાસ (અ.સ.)નું બાળપણ



વહાલા બાળકો ! શાઅબાન સને ૨૬ હિજરીના દિવસે આપણા મૌલાએ કાએનાત હઝરત અલી (અ.સ.) શેરેખુદાના ઘરમાં એક સિંહ જનાબ અબ્બાસના સ્વરૂપે જન્મયાં હતાં. આપની મહાનતા અને વિદ્વતાની કલ્પના પણ આપણે કરી શકતાં નથી. આપ માઅસૂમ નહોતાં પરંતુ માઅસૂમ કુટુંબમાં અને માઅસૂમ ખોળાઓમાં આપ ઉછર્યા હતાં અને સંસ્કાર મેળવ્યાં હતાં. તેથી જ બાળપણથી જ આપ વિદ્વતા અને સંસ્કારમાં ઘણાં ઉચ્ચ દરજ્જા ઉપર હતાં. ઉલેમાઓનું મંતવ્ય છે કે આપ "ઈલ્મે લદુન્ની" ધરાવતાં હતા અને આલે મુહમ્મદના ફકીહ વિદ્વાનો (ધાર્મિક જ્ઞાન ધરાવતાં વિદ્વાનો) અને અહલેબૈતના વિદ્વાનોમાં આપનો દરજ્જો ઘણો જ ઉંચો હતો. (કિબ્રીયતે અહમર-ભા-3, પા.૪૫)

આપના બાળપણનો એક પ્રસંગ છે. જે ઈરાનમાં પ્રસિધ્ધ થએલ 'મજાલિસુલ મુત્તકીન' ના પા.૪૭ ઉપર પ્રસિધ્ધ થએલ છે :

એક દિવસ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) પોતાના ખોળામાં એક પગ ઉપર બીબી ઝયનબ (સલા.)ને અને બીજા પગ ઉપર જનાબ અબ્બાસ (અ.સ.) ને બેસાડીને તેમની સાથે ખુબ જ વહાલ અને પ્રેમથી

વાર્તાલાપ કરી રહ્યાં હતાં. સાથે શિક્ષણ કાર્ય પણ ચાલુ જ હતું. આ દરમિયાન હઝરત અલી (અ.સ.) એ જનાબ અબ્બાસ (અ.સ.)ને કહ્યું "દીકરા-બોલો-એક. જનાબ અબ્બાસ (અ.સ.)એ કહ્યું "એક"- પછી હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું "બોલો-બે". હઝરત અબ્બાસ (અ.સ.) શાંત રહ્યાં-કાંઈ બોલ્યાં નહીં. અમીરૂલ મોઅમેનીન અ.સ.એ પુછ્યું "દીકરા-ચુપ કેમ થઈ ગયા છો ?" તો ખુબ જ નમ્રતા પૂર્વક આદરથી આપે જવાબ આપ્યો" બાબાજાન ! મારી ગુસ્તાખી માફ કરશો. જે જીભ વડે હું અલ્લાહના એક હોવાનો એકરાર કરી ચુક્યો છું. તે જ જીભ વડે બે કહી કે તે શિર્ક કેવી રીતે કરૂં ? "આ કેવી રીતે શક્ય બને ? "



આ સાંભળીને હઝરત અલી (અ.સ.)એ બાળકમાં અલ્લાહને ઓળખવાની જે ખેવના હતી તેનો અંદાજો લગાવ્યો અને પ્રસન્ન થઈને તેના હોઠ ઉપર ચુંબન કરી લીધું.

પોતાની યુવાવસ્થામાં અનેક પ્રસંગોએ જનાબ અબ્બાસ (અ.સ.)એ પોતાની શુરવીરતાનો પરચો પણ આપ્યો છે. જંગે સિફ્ફીનમાં આપે ખુબ જ શુરવીરતા દર્શાવી હતી. જેમાં આપે એક જ ભાલા વડે ૯૦ લોકોને જહન્નમમાં પહોંચાડી દીધાં હતા. (તોહફએ અબ્બાસીયા-પા.૫૫)

આપ તલવારબાજી અને ભાલાબાજીમાં પણ નિપૂર્ણ હતાં.



# ખુદાની મોટાઈ અને મહાનતાનું તાત્પર્ય શું છે ?

**વહાલા બાળકો અને આદરણીય નવયુવાનોના મનમાં એક પ્રશ્ન ઉદ્‌ભવે છે કે "ખુદા કેટલો મોટો છે ?"**

જો આપણે આ પ્રશ્નની બાબતે જરા વિચારીએ તો આપણને ખુદાની મહાનતાનો અંદાજ આવી જશે.

તો પછી જરા જણાવો કે :-

શું ખુદા પહાડ જેટલો છે ?

તમે અવશ્ય એવું જ કહેશો કે "ના-ના ખુદા તો પહાડથી ઘણો મોટો છે."

તો શું ખુદા ધરતીના કોઈ મોટા ટુકડા જેટલો મોટો છે ? આનો જવાબ પણ તમે ના માં જ આપશો કે 'ખુદા તો ધરતીના સૌથી મોટા ટુકડા કરતા પણ વધારે મોટો છે.'

તો શું ખુદા સૂર્ય જેટલો છે ? તમે કહેશો કે 'ખુદા સૂર્ય કરતાં પણ વધારે મોટો છે.'

શું ખુદા આકાશ ગંગા અને તારાઓ જેટલો છે. તો જવાબ હશે. 'ના ખુદા એ બધાં કરતાં મોટો છે.'

વહાલા બાળકો ! આનાથી એ હકીકત સિધ્ધ થઈ કે આપણે જેના વિશે વિચારી શકીએ તેવી દરેક વસ્તુથી ખુદા મોટો છે. આપણે ખુદા કેટલો મોટો છે - કેટલો મહાન છે, તે વસ્તુની કલ્પના પણ કરી શકતાં નથી. આપણે તે કેટલો



E-mail : hadimasik@yahoo.com

મોટો છે, તે કેટલો મહાન છે તે નિશ્ચિત કરી શકીશું જ નહીં. આપણે જે વસ્તુ વિશે પણ વિચારીશું ખુદા તેનાથી મોટો જ છે. આપણી-આદમના સંતાનોની સમજશક્તિ ખુદા કેટલો મોટો છે તે અને ખુદાની મહાનતાને કદીયે સમજી શકે તેમ નથી. હા ! તેના સર્વશક્તિશાળીપણાં અને તેની મહાનતાની નિશાનીઓ આપણે આખાયે જગતમાં દરેક જગ્યાએ દરેક કણમાં જોઈ શકીએ છીએ.

ખુદા તો એટલો મોટો છે કે તેણે આ મોટા મોટા પર્વતોનું સર્જન કર્યું છે.

તે એટલો મોટો અને શક્તિશાળી છે કે પૃથ્વીને ૧ લાખ ૭ હજાર ૨૪૪ કીમી. પ્રતિકલાકની ગતિએ સૂર્યની ચારે બાજુ પરિક્રમા કરાવે છે.

ખુદા તો એટલો મહાન છે કે તેણે તદ્દન સરળતાથી ફક્ત એક શબ્દ "કુન" ના ઉચ્ચારથી બધા તારાઓનું સર્જન કર્યું છે. એટલા બધા તારા કે ફક્ત આપણાં સૂર્યના પ્રદેશમાં જ તારાઓની નદી 'આકાશ ગંગા'માં ૧૦૦૦ કરોડ તારાઓ છે.

ખુદા એટલો બધો મોટો અને શક્તિશાળી છે કે પૃથ્વી પર રહેતાં બધાં મનુષ્યો - પ્રાણીઓ - પક્ષીઓ અને જીવજંતુઓને પણ ખોરાક પહોંચાડે છે.

કુરઆનમાં પણ કહે છે કે ખુદા ઉચ્ચ દરજ્જાવાળો અને મહાન છે.

(સૂરા. સબા. ૨૨)

આમ આપણે જાણી શકીએ છીએ કે ખુદા મહાન-તમ-મહાન છે. અને તેની મહાનતાની નિશાનીઓ દરેક જગ્યાએ જોઈ શકાય છે. પરંતુ તે કેટલો મોટો છે ? તેની મહાનતા કેટલી વિશાળ છે તે નિશ્ચિત કરવું શક્ય નથી.




# દીની જાણકારી

## આપણા ઈમામે ઝમાના (અજ.) ના ખાસ નાયબો

શું તમે જાણો છો કે આપણાં બારમા અને આખરી ઈમામ(અજ.) જ્યારે ઈમામ થયાં એટલે કે આપના પિતાની જ્યારે શહાદત થઈ ગઈ ત્યારે ૭૦ વરસ સુધી આપ ફક્ત પોતાના ખાસ ચાર નાયબોને જ મળતાં હતાં. અને તેમનાં થકી જ લોકોને તેમની મુશ્કેલીઓ અને સમસ્યાઓનું નિરાકરણ જણાવતાં હતાં. તેમને "નવ્વાબે અરબઆ" એટલે કે "ચાર ખાસ નાયબ" કહેવામાં આવે છે. અને તે યુગને "ગયબતે સુગરા" એટલે કે "ટૂંકી અથવા નાની ગયબત" કહેવામાં આવે છે. ૭૦ વરસ પછી મોટી અથવા લાંબી ગયબતનો યુગ શરૂ થયો હતો જે આજે પણ ચાલુ જ છે.

આવો, આજે અમે "ગયબતે સુગરા"ના આ ચાર ખાસ નાયબોના નામ અને તેમની ઓળખાણ તમને કરાવીએ.

**પ્રથમ નાયબ :** ઉસ્માન બિન સઈદ અમરા - આપ બની અસદ નામના કબીલામાંથી હતાં અને સામરા નામના શહેરમાં રહેતાં હતાં. શીઆઓની સભાઓમાં તેમને "સમ્માન" કહીને સંબોધિત કરવામાં આવતાં હતાં. એ એટલા માટે કે આપ તેલ વેચવાનો ધંધો કરતાં હતાં. તે વખત સ્થિતિ ઘણી સ્ફોટક હતી તેથી તેલ વેચવાના બહાને તે લોકોના ઘરે - ઘરે જઈને ગુપ્ત રીતે ઈમામ(અજ.) ના સંદેશા અને કથનો પહોંચાડતાં હતાં. આપ ઈમામ(અજ.)ના ઘણાં ભરોસાપાત્ર વ્યક્તિ હતાં. આપની વાતોને લોકો ઈમામની વાત તરીકે સ્વીકારી લેતાં હતાં. આપની વફાત સન ૨૬૦ થી ૨૬૭ હિજરીની વચ્ચે થઈ હતી.


E-mail : hadimasik@yahoo.com

**બીજા નાયબ :** મુહમ્મદ બિન ઉસ્માન - આપ પોતાના પિતા પછી ઈમામે ઝમાનાના ખાસ નાયબ થયાં હતાં. શીઆ લોકો આપને ખૂબ માન આપતાં હતાં. આપને ઈમામે ઝમાનાએ પોતે પોતાના ખાસ નાયબ તરીકે પસંદ કર્યા હતાં. તે શીઆઓની સંપત્તિને (શીઆઓ તરફથી જે ધન મળે તેને) ઈમામની સેવામાં પહોંચાડતાં હતાં. અને ઈમામની આજ્ઞા પ્રમાણે યોગ્ય સ્થળોએ (યોગ્ય કાર્યોમાં) તેને ખર્ચ કરતા હતાં. આપની વફાત સન ૩૦૪ અથવા ૩૦૫ હિજરીમાં થઈ હતી.

**ત્રીજા નાયબ :** હુસૈન બિન રવહ - આપનું પ્રખ્યાત નામ અબુલ કાસિમ- હુસૈન બિન રૂહ - નવ બખ્તી છે. આપને ઈમામના બીજા નાયબે ઈમામની આજ્ઞાથી નાયબ બનાવ્યાં હતાં અને તેમનાથી મસઅલાઓની જાણકારી લેવાની આજ્ઞા પહોંચાડી હતી. શીઆ લોકો આપને ખૂબ માન આપતાં હતાં. આપે દીનના અહકામ વિષે પુસ્તકો પણ લખ્યાં છે. આપના સાથી વિદ્વાનો આપની પ્રખર બુધ્ધીમત્તા અને સમજશક્તિની પ્રશંસા કરતાં હતાં. આપને તે વખતના સમ્રાટ "મુક્તદર" એ પાંચ વરસ સુધી કેદખાનામાં પણ રાખ્યાં હતાં અને છેવટે ઈમામે ઝમાનાના ૨૧ વરસ સુધી નાયબ રહ્યાં પછી સને ૩૨૬ હિજરીમાં વફાત પામ્યાં હતાં.

**ચોથા નાયબ :** અલી બિન મુહમ્મદ સમરી - ઈમામે ઝમાના (અજ.)ની આજ્ઞા અને ઈમામના ત્રીજા નાયબ નવબખ્તીની વસીયત પ્રમાણે આપ ઈમામે ઝમાનાના ચોથા નાયબ બન્યાં હતાં. આપનું પુરૂ નામ અબુલ હસન અલી બિન મુહમ્મદ અમરી હતું. આપ પણ બીજા ખાસ નાયબોની જેમ શીઆઓની સમસ્યાઓના (સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે) જવાબદાર હતાં. અને તેમની મુશ્કેલીઓ દૂર કરાવતાં હતાં. આપની વફાતના છ દિવસ પૂર્વે ઈમામે ઝમાના (અજ.)એ આપને એક પત્ર લખીને જણાવ્યું હતું કે "હે અલી-બિન-મુહમ્મદ સમરી ! ખુદાવન્દે આલમ તમારા ચાલ્યા જવાના બદલામાં (એટલે તમારા અવસાન પછી) તમારા દીની ભાઈઓને "અજે અઝીમ" (ખૂબ મોટો પુરસ્કાર) અતા ફરમાવશે.




તમે છ દિવસ પછી જગતમાંથી ચાલ્યા જશો. તેથી તમે પોતાના (દુન્યવી) કામો પતાવી દો અને હવે પોતાના પછી કોઈને પણ પોતાની જગ્યાએ નાયબ બનાવતાં નહીં કેમકે મારી "ગયબતે સુગરા" નો યુગ પૂરો થઈ ગયો છે અને હવે હું ખુદાવન્દે આલમની આજ્ઞાથી જ જાહેર થઈશ."

છેવટે છ દિવસ પછી સન ૩૨૯ હિજરીમાં આપની વફાત થઈ ગઈ હતી.

આ હતાં આપણાં ઈમામે ઝમાના (અજ.)ના ખાસ નાયબો. તેમણે "ગયબતે સુગરા"ના યુગમાં પોતાની જવાબદારીઓ સારી રીતે નિભાવી હતી. તે વખતના રાજાઓના અત્યાચારોને કારણે પરિસ્થિતિ વિકટ હતી તેથી આપના નાયબ આપનું નામ અને રહેઠાણ ગુપ્ત રાખતાં હતાં. અને ઈમામના નામે આપવામાં આવતું ધન તે ઈમામ સુધી ગુપ્ત રીતે પહોંચાડતાં હતાં. અને તે ધનને (ઈમામની આજ્ઞા પ્રમાણે) યોગ્ય કાર્યોમાં ખર્ચ કરતાં હતાં અને તેવી જ રીતે રોજીંદા અહકામ અને મસ્અલાઓનું નિરાકરણ ઈમામ પાસેથી જાણીને લોકો સુધી પહોંચાડતાં હતાં. અને ઈમામના જુઠા દાવેદારો સાથે પણ મુકાબલો કરતા હતાં અને શીઆઓને હકીકતથી વાકેફ કરીને આપણાં ઈમામ ઝમાના (અજ.)ની ઈમામત અને વિલાયતના અકીદાને મજબૂત અને સ્થાયી બનાવતાં રહેતા હતાં.

વહાલા બાળકો !

આજે "ગયબતે સુગરા" પછીનો "ગયબતે કુબરા"નો યુગ છે જેમાં આપના નાયબો આપણાં "મુજતહિદો" છે. એમનાથી આપણા મસઅલાઓ જાણીને આપણે તે પ્રમાણે જ અમલ કરવાનો છે અને આપણા ઈમામે ઝમાના (અજ.)ની ઈમામત અને તેમની સાથેની આપણી મિત્રતાના અકીદાને હમેશા પાકો રાખવાનો છે અને તેના માટે જ ખુદા પાસે દુઆ પણ કરતાં રહેવાનું છે.



# શાઅબાનુલ મોઅઝ્ઝમ માસની
## તારીખવાર ઘટનાઓ

વહાલા બાળકો !
અમે તમને આ મહીનાની કેટલીક તારીખોની અગત્યની ઘટનાઓની માહિતી આપીએ.

**૧-શાઅબાન :** આજના દિવસે સન ૨૫૫ હિજરીમાં મોઅતઝ બિલ્લાહ નામનો અત્યંત અત્યાચારી ખલીફા જહન્નમમાં ગયો હતો. આ મલઉને આપણાં દસમાં ઈમામ હઝરત હાદી (અ.સ.) ને ઝેર આપી શહીદ કર્યા હતાં.

**૩-શાઅબાન :** સન ૪ હિજરીમાં આજના દિવસે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની પુણ્યશાળી વિલાદત થઈ હતી.

**૪-શાઅબાન :** સન ૨૬ હિજરીમાં આજના દિવસે સકકાએ સકીના હઝરત અબ્બાસ (અ.સ.) અલમદારે હૂસૈનીની બરકતોવાળી વિલાદત થઈ હતી.

**૫-શાઅબાન :** કેટલાંક પુસ્તકોમાં લખવામાં આવેલ છે તે પ્રમાણે આપણાં ચોથા ઈમામ હઝરત ઝયનુલ આબેદીન (અ.સ.)ની વિલાદતે-બા-સઆદત થઈ હતી. આપની વિલાદત સન ૩૮ હિજરીમાં આપણાં પહેલાં ઈમામ (અ.સ.)ના જાહિરી ખિલાફતના કાળમાં થઈ હતી. આપના પ્રખ્યાત લકબો (વિશેષણ વાચકનામો) ઝયનુલ આબેદીન -સૈયદુસ્સાજેદીન- આદમે અહલેબયત વિગેરે છે. આપની માતાનું નામ જનાબ શહરબાનુ ખાતૂન હતું.

**૧૧-શાઅબાન:** સન ૪૩ હિજરીમાં આજની તારીખે હઝરત અલી અકબર (અ.સ.)ની બરકતોવાળી વિલાદત થઈ હતી. આપની વાલિદાનું નામ 'ઉમ્મે લયલા' હતું. છઠ્ઠા ઈમામના ફરમાન અનુસાર આપની 'કુનીયત' અબુલ-હસન હતી. (અલી અકબર અ.સ. કિતાબ મુકર્રમ પા.૧૬)

**૧૫-શાઅબાન:** આજનો દિવસ ઘણી મોટી ખુશાલીનો દિવસ છે. આજે આપણાં મૌલા હઝરત મહદી (અ.સ.)ની પ્રકાશમય વિલાદતનો દિવસ છે. આપ (અજ.)ની વિલાદત સને ૨૫૫ હિજરીમાં થઈ હતી. આજનો દિવસ ઘણી બરકતોવાળો દિવસ છે.




# ગયબતે કુબરામાં આપણી જવાબદારીઓ

**વહાલા બાળકો !**

**આપ એ તો જાણતાં જ હશો કે આપણાં મૌલા ઈમામ મહદી અજ. ને બે પ્રકારની ગયબત મળી છે. એક નાની ગયબત જેને "ગયબતે સુગરા" કહેવામાં આવે છે. તેનો કાર્યકાળ સને ૩૨૯ હિજરી સુધી જ રહ્યો હતો. અને તે ઓગણસિત્તેર વરસ સુધી રહી હતી. તે પછી મોટી અથવા લાંબી ગયબત છે. જેને 'ગયબતે કુબરા' કહેવામાં આવે છે. જેનો કાર્યકાળ 'ગયબતે સુગરા' પછી શરૂ થયો છે. જે આજ પર્યંત પણ ચાલુ છે.**

**પરંતુ આ "ગયબતે કુબરા" ના કાર્યકાળમાં આપણી કેટલીક જવાબદારીઓ છે. જે આપણે નિભાવવાની છે. જેથી આપણાં ઈમામ સત્વરે ઝહૂર ફરમાવીને જગતને પ્રકાશિત કરી દે.**

**આ પૈકી કેટલીક જવાબદારીઓ નીચે મુજબ છે.**



- ★ **શુક્રવારે - ઈદે ફિત્રના દિવસે - ઈદે કુરબાનના દિવસે - ઈદે ગદીરના દિવસે અને વિલાદતે ઈમામે ઝમાના (અજ.) ના દિવસે દુઆએ નુદબા પઢવી.**
- ★ **શુક્રવારના દિવસે ઈમામે ઝમાના (અજ.)ની મુબારક ઝિયારત પઢવી.**
- ★ **આપણાં અકીદાઓને દૃઢપણે વળગી રહેવા માટે "યા અલ્લાહો- યા રહમાનો - યા રહીમો - યા મુકલ્લેબુલ કુલૂબે સબ્બિત કલ્બી અલા દીનેકા" પઢતા રહેવું.**
- ★ **ઈમામે ઝમાના (અજ.) નું નામ લેવામાં આવે ત્યારે માન આપવા માટે પોતાની જગ્યાએ ઉભા થઈ જવું.**


E-mail : hadimasik@yahoo.com

- ★ પોતાની મુશ્કેલીઓ અને મુસીબતોમાં ઈમામે ઝમાના (અજ.) સાથે "તવસ્સુલ" કરવો.
- ★ ઈમામે ઝમાનાના બરકતવાળા અસ્તિત્વના રક્ષણ અને તેમના ઝહૂરમાં જલ્દી થાય તે માટે સદકો દેતાં રહેવું.
- ★ ઈમામે ઝમાના (અજ.) અંગેના જલ્સાઓ અને સૈયદુશ્શોહદાની મજલિસોમાં અવશ્ય ભાગ લેવો.
- ★ પોતાના નેક આઅમાલને ઈમામે ઝમાના (અજ.)ને હદિયો કરતા રહેવું. દા.ત. કુરઆન પઢીને હદિયો કરવો, કબરોની ઝિયારત કરીને હદિયો કરવું તે.
- ★ લોકોને ઈમામે ઝમાના (અજ.) પ્રત્યે આકર્ષિત કરવા સાથે જ લોકોને અત્યાચારો અને જુલ્મથી નફરત કરાવીને ન્યાય અને ઈન્સાફના માર્ગે ચાલવા પ્રેરિત કરવા અને ઈમામ(અજ.)ના શાસનના સ્વાગતનો લોકોના મનમાં શોખ જન્મે તેવા કાર્યો કરવા.
- ★ આ દુઆ પઢવી, જેમાં ઈમામ(અજ.)ની માઅરેફત (તેમને આપણે ખરા અર્થમાં ઓળખી શકીએ તેની) દુઆ છે :

  "અલ્લાહુમ્મા અર્રિફની નફસકા-ફ-ઈન્નકા ઈનલમ-તોઅર્રિફની નવફસકા લમઆઅરફનબીયેકા-અલ્લાહુમ્મા અર્રિફની રસૂલકા-ફ-ઈન્નકા ઈન-લમ-તો અર્રિફની રસૂલકા લમઆઅરિફ હુજ્જતકા-અલ્લાહુમ્મા અર્રિફની હુજ્જતકા-ફ-ઈન્નકા ઈન લમતો અર્રિફની હુજ્જતકા ઝલલતો અનદીની"
  (કમાલુદ્દીન-ભા.૨-પા.૩૪૨)



# આર્ટ ગેલેરી

## رحماء بينهم

**જેઓ વાસ્તવમાં રસૂલના સાથે છે,**
**તેઓ આપસમાં રહેમદિલ છે.**



વહાલા બાળકો,
અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો ઉપર જણાવેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.





E-mail : hadimasik@yahoo.com

# ઈસ્લામી શિષ્ટાચાર

*વહાલા બાળકો !*

*જરૂરીયાતવાળાઓની સહાયતા કરવી તે ઈસ્લામી શિષ્ટાચારનું એક અગત્યનું અંગ છે. દરેક મુસ્લિમનું એ કર્તવ્ય છે કે પોતાના દીની ભાઈની હાથ–પગ–વાણી–વર્તન–હૃદય અને ધનદોલતથી જેવી રીતની જરૂરીયાત હોય અને શક્ય હોય તે રીતે હંમેશા સહાયતા માટે તત્પર રહે. આપણાં માઅસૂમીન (અ.સ.)એ પણ પોતાના વર્તન વડે આપણને આજ શિખામણ આપી છે. તો આ અંગે એક પ્રસંગ વાંચો !*

એક વખત એક વ્યક્તિ ઈમામ હસન (અ.સ.) સમક્ષ આવીને ઉભો રહી ગયો અને અરજ ગુજારી કે "હે અમીરૂલ મોઅમેનીનના ફરઝન્દ ! એ અલ્લાહને વચ્ચે રાખીને (એ અલ્લાહના વાસ્તાથી) હું અરજ કરી રહ્યો છું કે જેણે આપને આ બધી કૃપાઓ (નેઅમતો)થી નવાજ્યાં છે  કે જેના માટે આપ તેના હજુરમાં કોઈની ભલામણ લઈને નહોતાં ગયાં. પરંતુ આ બધું તેણે પોતે જ આપને આપ્યું છે. આપ મારા અને મારા શત્રુ વચ્ચે ન્યાય તોળી આપો અને મારો આ શત્રુ તો એટલો બધો અત્યાચારી અને દુષ્ટ છે કે તે ન તો કોઈ વૃધ્ધને જુએ છે કે ન તો તે કોઈ બાળક ઉપર દયા કરે છે."

આપ ઓશિકાના સહારે બેઠેલા હતાં. આ સાંભળીને ટટ્ટાર થઈને બેસી ગયાં અને પુછયું : તારો એ શત્રુ કોણ છે, જેની સાથે તારો ન્યાય તોળી આપવાનો છે ?

પેલી વ્યક્તિએ કહ્યું "ગરીબી અને દરિદ્રતા"

આ સાંભળીને આપે માથું નીચે નમાવી લીધું. થોડીક વાર સુધી શાંત રહ્યાં. પછી માથું ઉચું કરીને પોતાના દાસ (નોકર)ને કહ્યું, ઘરમાં જેટલી પણ રકમ હોય તે લઈ આવ. તે પાંચ હજાર દિરહમ લઈ આવ્યો અને લાવીને આપની સમક્ષ મૂકી દીધાં. આપે ફરમાવ્યું : "આ રકમ આ વ્યક્તિને આપી દો" પછી તે વ્યક્તિને કહ્યું : "તે મને આપી હતી એ જ સોગંદ વચ્ચે રાખીને (વાસ્તાથી) હું તને કહું છું કે જયારે તારો આ શત્રુ તને રંજાડવા આવે ત્યારે તું મારી પાસે જ તારી ફરિયાદ લઈને તરત જ આવી જજે."

(બિહાર.ભા.૧૦–પા.૨૦૭)

આ પ્રસંગ ઉપરથી આપણે એવો બોધપાઠ લેવો જોઈએ કે આપણાં અન્ય ભાઈઓની સહાયતા કરવામાં ક્યારેય પાછા પડવું જોઈએ નહીં, એટલા માટે કે જો આપણને અલ્લાહની કૃપાથી જે સુખ–સુવિધા (નેઅમતો) મળી હોય તેમાંથી બીજાઓને લાભ પહોંચાડીશું તો અલ્લાહ આપણાં ઉપર પોતાની કૃપા (નેઅમતો)માં વૃધ્ધિ જ કરી આપશે.



E-mail : hadimasik@yahoo.com

# ત્રણ વસ્તુઓ

(૧) ત્રણ વસ્તુઓ કોઈની પ્રતિક્ષા કરતી નથી.

(૧) સમય (૨) મૃત્યુ (૩) ગ્રાહક

(૨) ત્રણ વસ્તુઓ ભાઈઓને વેરી બનાવે છે.

(૧) દોલત (૨) સ્ત્રી (૩) જમીન

(૩) ત્રણ વસ્તુઓને યાદ રાખવી જરૂરી છે.

(૧) સત્ય (૨) મૃત્યુ (૩) પોતાનું કર્તવ્ય

(૪) ત્રણ વસ્તુઓ તમારી પાસે હોય તો કોઈ ચોરી નથી શકતો.

(૧) બુધ્ધી-ચાતુર્ય (૨) આવડત (૩) ચારિત્ર્ય

(૫) ત્રણ વસ્તુઓ એક વખત નીકળી જાય તો તે કદી પાછી નથી આવતી.

(૧) ધનુષ્યમાંથી બાણ (૨) મોઢામાંથી વાત (૩) શરીરમાંથી આત્મા

(૬) ત્રણ વસ્તુઓ જીવનમાં એક જ વખત મળે છે.

(૧) માતા (૨) પિતા (૩) યુવાની

(૭) ત્રણ વસ્તુઓને સંતાડીને (પરદામાં) રાખવી જોઈએ.

(૧) ધન (૨) સ્ત્રી (૩) ભોજન

(૮) આ ત્રણેને માન આપવું જોઈએ ?

(૧) મા (૨) બાપ (૩) ગુરૂ



## શિખામણના વાક્યો.

(૧) જીતવા માટે કોઈ વસ્તુ હોય તો તે પ્રેમ છે - પ્રેમ જીતો

(૨) પીવા માટે કોઈ વસ્તુ હોય તો તે ક્રોધ છે - ક્રોધને પી જાઓ

(૩) ખાવા માટે કોઈ વસ્તુ હોય તો તે ગમ છે - ગમને ખાઈ જાવ

(૪) આપવા માટે કોઈ વસ્તુ હોય તો તે સદકો છે - સદકો આપતાં રહો

(૫) દર્શાવવા માટે કોઈ વસ્તુ હોય તો કે કૃપા છે - દરેક પ્રત્યે કૃપા દર્શાવો

(૬) પ્રાપ્ત કરવા માટે કોઈ વસ્તુ હોય તો તે વિદ્યા છે - વિદ્યા પ્રાપ્ત કરો

(૭) બોલવા માટે કોઈ વસ્તુ હોય તો તે સચ્ચાઈ છે - હંમેશા સાચું જ બોલો

(૮) રક્ષણ કરવાપાત્ર કોઈ વસ્તુ હોય તો તે આબરૂ છે - આબરૂનું રક્ષણ કરો

(૯) ફેંકી દેવા પાત્ર કોઈ વસ્તુ હોય તો તે ઈર્ષા છે - ઈર્ષાને ફેંકી દો

(૧૦) ત્યાગ કરવાને પાત્ર કોઈ વસ્તુ હોય તો તે ધિક્કાર છે - ધિક્કારને ત્યાગો



E-mail : hadimasik@yahoo.com

# અમારા પ્રશ્નો તમારા જવાબો

પ્રશ્ન-૧ : ઈમામે હુસૈન (અ.સ.)ની વિલાદતની તારીખ કઈ છે ?

(અ) ૩ રજબ (બ) ૩ શાઅબાન (ક) ૪ રબીઉલ અવ્વલ (ડ) ૧૬ શાઅબાન

પ્રશ્ન-૨ : ફિતરૂસને પાંખો અને પીછા કયા ઈમામ(અ.સ.) પાસેથી મળ્યાં હતાં ?

(અ) ઈમામ કાઝિમ(અ.સ.) (બ) ઈમામ સજ્જાદ (અ.સ.)

(ક) ઈમામ હુસૈન (અ.સ.) (ડ) ઈમામ મુહમદ તકી (અ.સ.)

પ્રશ્ન-૩ : હઝરત અબ્બાસ (અ.સ.)ની વિલાદતની તારીખ કઈ છે ?

(અ) ૬ મહોર્રમ (બ) ૪ શાઅબાન (ક) ૫ રજબ (ડ) ૩ શવ્વાલ

પ્રશ્ન-૪ : મૌલા અબ્બાસ (અ.સ.)ની વાલિદાનું નામ શું છે ?

(અ) ઉમ્મે રૂબાબ (બ) ઉમ્મે ફરવાહ (ક) ઉમ્મુલ બનીન (ડ) ઉમ્મે જમીલ

પ્રશ્ન-૫ : ઈમામ મહદી (અજ.)ની વિલાદત કઈ તારીખે થઈ હતી ?

(અ) ૧૫ રબીઉલ અવ્વલ (બ) ૫ રમઝાન

(ક) ૧૫ શાઅબાન (ડ) ૧૩ રજબ

પ્રશ્ન-૬ : ઈમામ મહદી (અજ.) ના કેટલા ખાસ નાયબો હતાં ?

(અ) ૨ (બ) ૩ (ક) ૫ (ડ) ૪

પ્રશ્ન-૭ : હઝરત અલી અકબર (અ.સ.)ની વિલાદત કયા માસમાં થઈ હતી ?

(અ) રજબ (બ) ઝિલહજ (ક) શાઅબાન (ડ) શવ્વાલ

પ્રશ્ન-૮ : શાઅબાન માસમાં કેટલા ઈમામોની વિલાદત થઈ છે ?

(અ) ૨ (બ) ૪ (ક) ૩ (ડ) ૫

## માહે રમઝાન ક્વીઝ

વહાલા મિત્રો,

માહે રમઝાનુલ મુબારકમાં 'હૌઝએ ઈલ્મિયાહ ઈમામ ખોમેની' તરફથી એક ઈનામી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે (વિષય : 'રમઝાન અને કુરઆન') કિતાબ તથા પ્રશ્નપત્ર. ઈ.અ. 'હાદી'ના રમઝાન અંક સાથે આપવામાં આવશે. કિતાબ વાંચીને ૩૦ ઓબ્જેક્ટીવ પ્રશ્નોના જવાબો આપવાના રહેશે.

- હૌઝએ ઈલ્મિયાહ ઈમામ ખોમેની.

# પત્રાવલી

**વહાલા બાળકો,**

**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



સલામુન અલયકુમ

સલામ બાદ જણાવવાનું કે આપની હાદી માસિક અમને ઘણી રીતે ઉપયોગી થઈ છે.

**વસાયા અહેસાન એમ.**

હાજી–નાજી બોડીંગ, માળીટેકરા, ભાવનગર.



*હાદી માસિક વિશે*

*સલામુન અલૈયકુમ*

* સલામ બાદ જણાવવાનું કે જેણે આ હાદી માસિક ની સ્થાપના કરી છે. તેમને અલ્લાહ આપી ઉત્તમ દુનિયા અને આખિરતમાં જજા કરે*

*હાદી માસિક કિતાબની અંદર ઘણું બધુ અમને જાણવા મળ્યું. અને તેમા તમારી હાદી માસિકના ટુચકાઓ પણ હસવા જેવા ખૂબ જ હતા. અને તેમા ઇસ્લામીક કિસ્સાઓ અને વાતો તમારા ખૂબ જ સારા હતા. અને તે હાદિ માસિકમાં ઇસ્લામીક સવાલ–જવાબ પણ અમને તેમાંથી ખૂબ જ અમને ઇલ્મ હાસિલ થયું. અને આ માટે અમે બધા સૌથી વધુ અમને આ વાત ગમી કે તમે આ કિતાબ પ્રગટ કરી અને આ કિતાબ થી ઇલ્મનો પ્રચાર કર્યો*

નકવી અલીનવાઝ. એ

ધોરણ – 8th

સાદાત કોલોની, રહેમતપાર્ક, મકાન નં.–105

મહુવા

**નકવી અલીનવાઝ એ.**

સાદાત કોલોની, રહેમતપાર્ક, મહુવા.



786.

14-7-09

"સલામુન અલયકુમ"

સલામ સાથ જણાવવાનું કે આપનું હાદી માસિક અમને ખુબજ ગમે છે. તેમા આવતા કિસ્સા, દિનની જાણકારી, કુરઆનના સુરા, તેની ફઝીલત તથા નકશો વાંચવા માં અમને ખુબજ મજા પડે છે. તેમજ વાર્તાઓમાંથી પણ અમને ઘણા બોધપાઠ મળે છે.

જાફર આયના માસિક માંથી અમારી બોર્ડીંગમાં બાળકો માટે ... બનાવી ... છીએ અને બાળકો ને ... આપીએ છીએ.

આપના ખુબ–ખુબ આભારી.

લિ. ૧. નકવી હિલાલ ૨. ... ૩. ... ૪. ...

તથા હાજી–નાજી બોર્ડીંગ પરિવાર તરફથી ખુબ–ખુબ સલામ.

–ખુદા હાફીઝ–.

9824859898.

હાજી–નાજી બોડીંગ, માળીટેકરા, ભાવનગર.



E-mail : hadimasik@yahoo.com

# સાચા જવાબો

## વહાલા બાળકો !

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

પ્રશ્ન-૧ એક રજબના દિવસે કયા ઈમામની વિલાદત થઈ હતી ?
(અ) ઈમામ બાકિર (અ.સ.)

પ્રશ્ન-૨ ત્રણ રજબના દિવસે કયા ઈમામની શહાદત થઈ હતી ?
(ક) ઈમામ અલીનકી (અ.સ.)

પ્રશ્ન-૩ ઈમામઅલી (અ.સ.) ની વિલાદત કઈ તારીખે થઈ હતી ?
(ડ) ૧૩-રજબ

પ્રશ્ન-૪ કિબ્લાની દિશાફેર (તબદીલીયે-કિબ્લા) કઈ તારીખે થઈ હતી ?
(ક) ૧૫-રજબ

પ્રશ્ન-૫ ૧૮ રજબના દિવસે રસૂલ (સ.અ.વ.) ના કયા ફરઝન્દ (પુત્ર)નું અવસાન થયું હતું ?
(ક) ઈબ્રાહીમ(રહ.)

પ્રશ્ન-૬ રસૂલ (સ.અ.વ.) ને મેઅરાજ કઈ તારીખે થઈ હતી ?
(ક) ૨૭-રજબ

પ્રશ્ન-૭ ૧૫મી રજબના દિવસે કઈ શેહઝાદીની શહાદત થઈ હતી ?
(ડ) જનાબ ઝયનબ (સલા.)

પ્રશ્ન-૮ ઈમામમૂસા કાઝિમ(અ.સ.)ની શહાદત કઈ તારીખે થઈ હતી ?
(અ) ૨૫-રજબ

પ્રશ્ન-૯ ૨૬-રજબના દિવસે કયા મહાપુરુષ (શખ્સિયત) ની વફાત થઈ હતી ?
(ક) જનાબ અબૂતાલિબ

પ્રશ્ન-૧૦ ઈમામહુસૈન (અ.સ.)એ કઈ તારીખે મદીનાનો ત્યાગ કર્યો હતો ?
(અ) ૨૮-રજબ


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૬૯૬૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | મોહસીનભાઈ જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોન: ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પરમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

બાળકો અને નવયુવાનો માટે

Bustan-e-Zehra Association

# હાદી

માસિક

શાઅબાનુલ મોઅઝ્ઝમ, હીજરી સન ૧૪૩૦, ઓગસ્ટ - ૨૦૦૯










રૂા. 30/-

